તા.૧/૭/૨૦૧૯ થી રાજ્ય સરકારના કર્મચારીઓને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૩/૦૧/૨૦૨૦

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૧૬/૫/૨૦૦૮ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૦૭-૨૦૧૬-ચ
(૨) નાણા વિભાગનો તા. ૩/૭/૨૦૧૯ નો ઠરાવ ક્ર. વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ
(૩) ભારત સરકારનો તા. ૧૪/૧૦/૨૦૧૯ નો કચેરી હુકમ નં. ૧/૩/૨૦૧૯/ઇ.૨(બી)

## //ઠરાવ//

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો- ૨૦૧૬ હેઠળના પગારધોરણો મુજબના પગાર ઉપર છેલ્લે, સંદર્ભમાં દર્શાવેલ તા. ૩/૭/૨૦૧૯ ના સરકારી ઠરાવ અન્વયે રાજ્ય સરકારના કર્મચારીઓને તા. ૧/૧/૨૦૧૯ ની અસરથી ૧૨% ના દરે મોંઘવારી ભથ્થુ મળવાપાત્ર થશે તેમ ઠરાવવામાં આવેલ છે. રાજ્ય સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થાના પ્રવર્તમાન ૧૨% ના દરમાં તા. ૧/૭/૨૦૧૯ ની અસરથી ૫% નો વધારો કરી, ૧૭% કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થુ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

| ચૂકવવા પાત્ર તારીખ | ચૂકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| તા. ૧/૭/૨૦૧૯ થી | મૂળ પગારના ૧૭% |

નાણા વિભાગના તા. ૧૬/૮/૨૦૧૬ ના ઠરાવની જોગવાઇ અનુસાર રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અન્ય હુકમો ન થાય ત્યાં સુધી મોંઘવારી ભથ્થા સિવાયના અન્ય તમામ ભથ્થાઓ સુધાર્યા પૂર્વેના એટલે કે છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર માળખામાં મળતા પગાર અને દર મુજબ મળવાપાત્ર થશે.

મોંઘવારી ભથ્થામાં ૫૦ (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને ૫૦ (પચાસ) પૈસા કરતા ઓછી રકમને ગણત્રીમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય સરકારના અને પંચાયતના કર્મચારીઓને તા. ૧/૭/૨૦૧૯ થી મળવાપાત્ર મોંઘવારી ભથ્થુ જાન્યુઆરી-૨૦૨૦ ના માસથી ચૂકવવાનું રહેશે.

રાજ્ય સરકારના પેન્શનરોને તા. ૧/૭/૨૦૧૯ થી મળવાપાત્ર હંગામી વધારાની રકમ ઉપર મુજબ ચૂકવવાની રહેશે.

તા. ૧/૭/૨૦૧૯ થી તા. ૩૧/૧૨/૨૦૧૯ દરમ્યાનના તફાવતની રકમ ચુકવવા બાબતમાં હવે પછીથી હુકમો કરવામાં આવશે.

આ હુકમો જેમના પ્રોવિડન્ટ ફંડ ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ તથા પંચાયત કર્મચારીઓ, માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન સરકારી શાળાઓ/સંસ્થાઓ જેમના કર્મચારીઓને રાજ્ય સરકારની મંજુરીથી સાતમા પગારપંચ પ્રમાણે પગારસુધારણાનો લાભ આપવામાં આવેલ છે તેવા કર્મચારીઓને લાગુ પડશે.

આ હુકમોનો લાભ ઉચિત ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલ કર્મચારીઓ તેમજ કામ પુરતા મહેકમ પરના કર્મચારીઓ જેમને સાતમા પગારપંચ મુજબ પગારસુધારણા મંજુર કરવામાં આવેલ છે તેમને મળવાપાત્ર થશે.

પંચાયતો દ્વારા તેમના કર્મચારીઓને મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના કારણે અને બિન સરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકોને તેમજ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતું ખર્ચ, આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. આ હુકમોને કારણે થતું ખર્ચ તે શરતે અનુદાનને પાત્ર ગણવામાં આવશે કે આ રીતે મંજુર કરેલ મોંઘવારી ભથ્થાના તફાવતનો હિસ્સો રાજ્ય સરકારના સમકક્ષ કર્મચારીઓને મળવાપાત્ર હિસ્સા કરતાં વધારે ન થવો જોઇએ.

રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ અનુસાર મોંઘવારી ભથ્થામાં થતો આ વધારો જેમને સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા થયેલ છે તેમને મળવાપાત્ર થશે.

આ હુકમો અખિલ ભારતીય સેવા (A.I.S) અધિકારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રમઝાન અ. જાફરાની)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ-:</u>

* માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન .મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન .વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર .

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી)એ.એન્ડ ઇ(., ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા

જા.નં.આકૃયુ/હિનિ/કંટ્રોલ-૨/ ૯૩૪૯૬ /૨૦૨૦ તારીખ.૧૭/૦૧/૨૦૨૦

**તા.૦૧/૦૭/૨૦૧૯થી રાજ્ય સરકારના કર્મચારીઓ/પેન્શનરોને મળવાપાત્ર મોંઘવારી ભથ્થાંના દરમાં વધારો કરવા બાબત............**

ઉપરોક્ત ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: વલભ-૧૦૨૦૧૬-જીઓઆઇ-૭-ચ તા.૧૩/૦૧/૨૦૨૦માં જણાવેલ શરતોને આધિન આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ, શૈક્ષણિક સંવર્ગના કર્મચારીશ્રીને/અધિકારીશ્રીને તથા પેન્શનરો/ફેમેલી પેન્શનરોને **તા.૦૧/૦૧/૨૦૨૦**થી સાતમા પગારપંચ મુજબ નીચે મુજબના કોષ્ટકના અનુક્રમ નંબર (૮) મુજબ મળવાપાત્ર મોંઘવારી ભથ્થું જાન્યુઆરી-૨૦૨૦ના પગાર/પેન્શન સાથે રોકડમાં ચુકવણું કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | ચુકવવા પાત્ર તારીખ | ચુકવવા પાત્ર માસિક મોંઘવારી ભથ્થાંનો દર |
|---|---|---|
| ૧. | તારીખ ૦૧/૦૧/૨૦૧૬ | મુળ પગારના ૦ % |
| ૨. | તારીખ ૦૧/૦૭/૨૦૧૬ | મુળ પગારના ૨ % |
| ૩. | તારીખ ૦૧/૦૧/૨૦૧૭ | મુળ પગારના ૪ % |
| ૪. | તારીખ ૦૧/૦૭/૨૦૧૭ | મુળ પગારના ૫ % |
| ૫. | તારીખ ૦૧/૦૧/૨૦૧૮ | મુળ પગારના ૭ % |
| ૬. | તારીખ ૦૧/૦૭/૨૦૧૮ | મુળ પગારના ૯ % |
| ૭. | તારીખ ૦૧/૦૧/૨૦૧૯ | મુળ પગારના ૧૨ % |
| **૮.** | **તારીખ ૦૧/૦૭/૨૦૧૯** | **મુળ પગારના ૧૭ %** |

આ કચેરીની ફાઇલ ઉપર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવવામાં આવેલ છે.

**હિસાબ નિયામક**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

**નકલ રવાના જરૂરી કાર્યવાહી સારુ:-**

૧. હિસાબી અધિકારીશ્રી(પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતું થવા સારૂ.
૨. હિસાબી અધિકારી(કેશ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૩. ઓડીટ ઓફિસરશ્રી, પે એન્ડ પેન્શન સેલ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતું થવા સારૂ.
૪. આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ ઘટતી કાર્યવાહી સારુ.